# પેટન્ટ વકીલ

પેટન્ટ વકીલ મુખ્યત્વે ઔદ્યોગિક અથવા બૌદ્ધિક સંપદા અધિકારોની કાનૂની સ્થિતિના રક્ષણ માટે જવાબદાર છે. તેઓ પોતાના ગ્રાહકોને ડિઝાઇન, શોધ, ટ્રેડમાર્ક, જાણકારી તેમજ ડેટા, સોફ્ટવેર અને હાર્ડવેરની સુરક્ષા વ્યવસ્થાઓ અંગે સલાહ આપે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમને સમસ્યાઓ અને પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો
- તમે વિગતો પર ધ્યાન આપો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૦૦૦ થી ૧,૨૫,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- કાયદાના વિદ્યાર્થીઓ માટેની આદિત્ય બિરલા શિષ્યવૃત્તિ અને જી.ઈ.વી. મેમોરિયલ મેરિટ શિષ્યવૃત્તિ ખાસ કરીને કાયદાના વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિ છે.
- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.




## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. બૌદ્ધિક સંપદા અધિકારોમાં સ્નાતક (LLB)ની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કર્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. લૉ કૉલેજમાં પ્રવેશ માટે, તમારે સી.એલ.એ.ટી., એ.આઈ.એલ.ઈ.ટી., એલ.એસ.એ.ટી., એમ.એચ. સી.ઈ.ટી. લૉ, ટી.એસ. લો.સી.ઈ.ટી. , એ.પી. લો સી.ઈ.ટી., ડી.યુ. એલ.એલ.બી., પી.યુ. એલ.એલ.બી., એસ.એલ.એસ. એ.આઈ.એ.ટી. જેવી પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

પેટન્ટ વકીલનું અંદાજીત માસિક વેતન

**રૂ. ૪૧,૫૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://payscale.com/research/IN/Job=Patent_Attorney/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** લો ફર્મ્સ, ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી, ફાર્માસ્યુટિકલ સેક્ટર, સંશોધન સંસ્થાઓ, પ્રકાશન સંસ્થાઓ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. તમારે ટીમનું સંચાલન કરવાની જવાબદારી રહેતી નથી. તમે અઠવાડિયામાં ૪૦ કલાકથી વધુ કામ કરી શકો છો. આ ઉપરાંત, તમારે સંશોધન અને કેસોનો અભ્યાસ કરવા માટે નોંધપાત્ર સમય ફાળવવો પડશે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

કાઉન્સેલર → વરિષ્ઠ કાઉન્સેલર → એટર્ની → કોર્પોરેટ કાઉન્સેલ → જનરલ કાઉન્સેલ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એસોસિએટ એટર્ની, પેટન્ટ લોયર, સેક્રેટરી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ કાયદા વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**
૧. જીએનએલયુ, ગાંધીનગર
૨. દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી
૩. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૪. ગવર્મેન્ટ લો કોલેજ, કોઝિકોડ
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ લીગલ સ્ટડીઝ, પશ્ચિમ બંગાળ
૬. ઉત્તરાખંડ ઓપન યુનિવર્સિટી
૭. એમએસયુ, વડોદરા
૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**
(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)
૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. ક્રાઈસ્ટ કોલેજ ઓફ લો, બેંગલુરૂ
૩. એન.ઈ.એફ. લો કોલેજ, ગૌહાટી
૪. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૫. આર્મી ઈન્સ્ટિટ્યુટ ઓફ લો, પંજાબ
૬. જીએલએસ યુનિવર્સિટી, અમદાવાદ
૭. જી. ડી. ગોએન્કા યુનિવર્સિટી, ગુડગાંવ
૮. બી.એમ.એસ. કોલેજ ઓફ લો, બેંગલુરુ
સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે –
https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**
- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

મને સ્કેન કરો
વેબસાઈટ પર જુઓ




## સાફલ્ય ગાથા

**મીનાક્ષી ખુરાના,** ખુરાના એન્ડ ખુરાના અને આઈ.આઈ.પી.આર.ડી.ના ભાગીદાર અને પેટન્ટ એટર્ની છે અને પેટન્ટને લગતા ક્ષેત્રમાં ૧૩ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. તેણી પેટન્ટ માટેની અરજીઓ તૈયાર કરવી, કાર્યવાહી, પેટન્ટ ઉલ્લંઘન અને માન્યતા અભિપ્રાય અભ્યાસ, એફ.ટી.ઓ., પેટન્ટ લાઈસન્સિંગના અધ્યયન તેમજ વૈશ્વિક પેટન્ટ વ્યૂહરચના તૈયાર કરવા અંગે ગ્રાહકોને સલાહ પરમર્શ આપવાની કામગીરીમાં સ્વયંને વ્યસ્ત રાખે છે.*

સ્રોત: https://www.ipandlegalfilings.com/about-us

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.